|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email: office@sanatandharmpatrika.com Web: www.sanatandharmpatrika.com

● સં.૨૦૭૮ ● કારતક વદ-૧૪ ● તા.૦૩-૧૨-૨૧ ● શુક્રવાર SDP NO:593 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

કાનાણી પરિવાર, હુગલી, શ્રીરામપુર ના નાદા ગામ પાટીદાર સમાજ નો સંપત્તિ વિવાદ, માતમ માં ફેરવાયો.

માવજીભાઈ હંસરાજભાઈ કાનાણી (ઉમર ૭૬)

દિનેશભાઈ માવજીભાઈ કાનાણી (ઉમર ૫૦)

ભાવિક દિનેશભાઈ કાનાણી(ઉમર ૨૩)

અનસુયાબેન દિનેશભાઈ કાનાણી (ઉમર ૪૭)

હુગલી, શ્રીરામપુર ના નંદા ગામ ના કાનાણી પરિવાર કચ્છ ના વિરાણી મોટી (નખત્રાણા તાલુકા) ના રહેવાસી હતા. પરિવાર ના ચાર એ ચાર સદસ્યો નું દેહાંત.

નંદા માં તેઓ નો વ્યવસાય ઉમિયા ટિમ્બર માર્ટ, પોલીસ ના રિપોર્ટ મુજબ આજ તા. ૦૨/૧૨/૨૦૨૧ના સવાર માં આ ઘટના ઘટેલ. દિનેશભાઈ માવજીભાઈ કાનાણી (ઉમર ૫૦) અને અનસુયાબેન દિનેશભાઈ કાનાણી (ઉમર ૪૭) તેઓ ઘટના સ્થળે જ મૃત્યુ પામેલ. કલકત્તા ના પી.જી. હોસ્પિટલ માં તેઓ ના બાપુજી, માવજીભાઈ હંસરાજભાઈ કાનાણી (ઉમર ૭૬) અને પુત્ર, ભાવિક દિનેશભાઈ કાનાણી (ઉમર ૨૩) માં દાખલ કરાવ્યા હતા. પણ બપોર લગભગ ૨:૦૦ વાગે, તેઓ ના પણ મૃત્યુ ના સમાચાર મળેલ.

કરપીણ હત્યા કરનાર કચ્છ માં ગામ ઘડુલી ના યોગેશ ભાવાણી (સંબધ માં મામાઈ ભાઈ) ફરાર.

તા. ૦૩-૧૨/૨૦૨૧,સવારે ૮:૦૦ વાગે તેમની અંતિમ યાત્રા શ્રીરામપુર સમાજવાડી થી જશે.

લાલરામ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ-ગાંધીધામ આયોજીત નિઃશુલ્ક કેમ્પ...

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાન - દેશલપર એટલે સંસ્કાર ધામ મધ્યે દર મહિનાના છેલ્લા રવિવારે આ નિઃશુલ્ક કેમ્પનું આયોજન થતું હોય છે. ૫૦ થી ૮૦ કિલોમીટરના એરિયામાં આવતા છેવાડાના ગામડાઓના લોકો દેશલપર મધ્યે આ નિદાન કેમ્પનો લાભ લહી રહ્યા છે.

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાન, સંસ્કારધામ દેશલપર મધ્યે ગાંધીધામ ના લાલરામ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગ થી આ હોમિયોપેથિક નિદાન નિઃશુલ્ક કેમ્પનું આયોજન થઈ રહ્યું છે..

કોરોના ને કારણે જ્યારે ભારત નહિ પણ વિશ્વ આખુ એ પરેશાન હતું , જેના કારણે આ હોમિયોપેથિક કેમ્પનું આયોજન કરવું શક્ય બન્યું ના હતું..! તેવામાં અગાઉ જે લોકો આ હોમિયોપેથિક દવાનો ઉપયોગ કરી રહ્યા હતા અને આ દવા પણ તેના શરીરમાં અસરકારક સાબિત થઈ હતી. શરીરમાં જટિલ રોગો સામે રામબાણ ઈલાજ સમાન આ હોમિયોપેથિક દવા કેમ્પ ફરી પાછો કાર્યરત થતા જુના દર્દીઓમાં ખુશાલી જોવા મળી હતી.

સંસ્થા અને સમાજ પ્રત્યે જેમને ખૂબ લાગણી છે સાથે સમાજના લોકો ને કઈ રીતે મદદરુપ થઈ શકાય એવા પ્રયત્નમાં હમેશા તત્પર એવા પ્રિય ડો. પ્રેમજી ભાઈ ગોગારી સાહેબ , આ હોમિયોપેથિક નિઃશુલ્ક સેવા કેમ્પમાં પોતાનું સેવાકીય સમયદાન આપી રહ્યા છે. સાથે ડો. રતન પટેલ પણ આ કેમ્પમાં પોતાની સેવા આપી હતી..

દેશલપર સંસ્કાર ધામ મધ્યે હોમ્યોપેથિક નિદાન કેમ્પ બે વર્ષ બાદ, દર મહિના અંતિમ રવિવારના રોજ યોજાતો હોય છે.

તારીખ ૨૮/૧૧/૨૧ના બરાબર સવારે ૯.૩૦ કલાકે સંસ્કાર ધામ દેશલપર ખાતે સંસ્થાના પ્રમુખશ્રી ગંગારામ શિવદાસ રામાણી, ઉપપ્રમુખશ્રી ડો. પ્રેમજીભાઈ ગોગારી તેમજ મણીલાલ હિરજીભાઈ ભગત , મહામંત્રીશ્રી રતિલાલભાઈ પોકાર, મંત્રી કિરીટભાઈ ભગત, ખજાનચી શ્રી કલ્યાણજીભાઈ છાભૈયા અને ઓડિટર, ડો. કે.વી પાટીદાર સાહેબ સાથે સંસ્થાના ટ્રસ્ટી જેઠાલાલ લાલજી ચોપરા, હંસરાજભાઈ દેવજીભાઈ ધોળુ - પ્રમુખશ્રી ઉમિયા માતાજી સંસ્થાન - વાઢાયની ઉપસ્થિતી માં આ હોમિયોપેથિક નિઃશુલ્ક નિદાન કેમ્પનું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું..

આશરે ૪ એક કલાકના સમયગાળા દરમિયાન લગભગ ૧૦૦એક દર્દીઓ આ હોમિયોપેથિક કેમ્પની સેવા નો લાભ લહી રહ્યા હોય છે.

જેમાં આ હોમિયોપેથિક દવા ડો.પ્રેમજીભાઈ ગોગારીના માર્ગદર્શનમાં ભોગીલાલ પાટીદાર, સાવિત્રીબેન પાટીદાર તેમજ અનુજબેન પાટીદાર બનાવી રહ્યા હોય છે.

મનોજ વાઘાણી - નાના અંગીયા
PRO, યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિજીયન

કોટડા મુદા ને પૂર્ણ સ્વરૂપે પરિણામ લક્ષી અને હિન્દૂ યુવાઓ ને આરોપ મુક્ત કરવા શ્રીસમાજ સતત સક્રિય

ડો વણઝારા સાહેબ હોસ્પિટલ માં હુમલાના ભોગ બનનાર કોટડા ના યુવા ભરતભાઈ નાયાણી ની ખબર અંતર કાઢવા અને તેની હાલત ની સ્વયમ તપાસ કરી.

નખત્રાણા તાલુકાના કોટડા (જ)માં થયેલ ખૂની હુમલામાં ભોગ બનેલા ભરતભાઈ નાયાણી ની ભુજ ખાતેની હોસ્પિટલમાં રૂબરૂ મુલાકાત લઈ આપણી સમાજના પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણી એ ઘવાયેલા આપણા યુવા ભાઈના ખબર અંતર પૂછ્યા હતા. ત્યારબાદ ઊભી થયેલ સ્થિતિ માં પણ ગ્રામજનો સાથે રહીને **ગુનેગારોને સજા અપાવવા અને ગ્રામજનોને ન્યાય અપાવવા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખશ્રી આર.પી.પટેલ સાહેબને ખાસ ભલામણ કરી હતી.**

સદર બાબતે આર.પી.પટેલ VUF સાહેબે વિષેશ રુચિ દાખવી સાથે રહીને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને સઘળી હકીકત થી વાકેફ કરવા શ્રીસમાજના ઉપપ્રમુખશ્રી જયંતિભાઈ લાકડાવાળાને જણાવ્યું હતું.

ડી.જે.વણઝારા સાહેબ ગુરૂવંદના કાર્યક્રમ મા કરછ સાધુ સમાજે પણ કોટડા કેસ બાબત ની માહિતી આપલે કરી ને ભારત ની એકતાની ટીમનો પણ ટેકો જાહેર કર્યો...

ડી.જે.વણઝારા સાહેબે ને કોટડા જડોદર ની માહિતી આપતાં શુરેસદાશ બાપુ અને શશિકાંતભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના કચ્છ સૌરાષ્ટ્રના મહામંત્રીશ્રી અને કચ્છ જિલ્લા ઉપાધ્યક્ષ નવીનભાઈ ચોપડા વગેરે..

રવીવાર હોવા છતાં મુખ્યમંત્રીશ્રીનો સમય લઈ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખશ્રી આર.પી.પટેલ, ઉપપ્રમુખશ્રી દીપકભાઈ, પ્લાનિંગ ચેરમેનશ્રી સુરેશભાઈ, ઉમાછત્ર ચેરમેન અને શ્રીસમાજના ઉપપ્રમુખ જયંતિભાઈ લાકડાવાળા ઉપસ્થિત રહી સઘળી સ્થિતિથી ગંભીર રીતે ધ્યાન દોર્યું હતું.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈએ સ્થિતિની ગંભીરતા સમજી યોગ્ય ઘટતું કરવા તરત જ ગૃહમંત્રીશ્રીને જણાવ્યું હતું. આમ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અત્રેથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને પ્રમુખશ્રી આર.પી.પટેલ સાહેબ અને સર્વે હોદ્દેદારોનો સરાહનીય સહયોગ બદલ તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

આ ઉપરાંત VUF ના આર.પી.પટેલ સાહેબની ભલામણથી બીજા જ દિવસે કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ જયંતિભાઈ લાકડાવાળા, પૂર્વ ટ્રસ્ટીશ્રી મનસુખભાઇ રૂડાણી, ગુજરાત વુડ બેઝ ઈન્ડસ્ટ્રીઝના ઉપપ્રમુખ ઝવેરભાઈ ભાલેજવાળા તેમજ આર.એસ.એસના ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ એવા સુરેશભાઈ (સારંગ) દ્વારા કોટડા બાબતે ખાસ ખાસ રજૂઆતો ગુજરાત રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબને કરી હતી. બધી હકીકત સમજીને માનનીય ગૃહમંત્રીએ યોગ્ય અને ઘટતું કરવા ખાત્રી આપી હતી.

શ્રીસમાજ પૂર્ણ ટીમ સક્રિયતા સાથે પરિણામ મેળવવા સાથે સાથે સ્થાનિક કચ્છ ની તમામ હિન્દૂ સગઠન દ્વારા પણ આ વિષમ પરિસ્થિતિમાં ન્યાય મેળવવા અને વિધર્મી ની મુરાદ બર ના આવે સમગ્ર કચ્છ નું વાતાવરણ સરળ અને શાંત બની રહે તેવી જહેમત ઉઠાવી રહ્યા છે..

કેનેડા માં સુવિધાઓ માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, કેનેડાની ટીમ દ્વારા ગુજરાતના દીકરા દીકરીઓ માટે કેનેડામાં ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
વિશ્વ ઉમિયાધામ-અમદાવાદ
Reg. No: A/4445/Ahmedabad
Vishv UMIYA Foundation

કેનેડા / યુ.એસ.એ. માં અભ્યાસ / પી.આર. / જોબમાં મદદરૂપ થવા માટેની વિગત

સવિનય જણાવવાનું કે મારો પુત્ર/પુત્રી, કેનેડા / યુ.એસ.એ.માં અભ્યાસ / પી.આર. / જોબ માટે જઈ રહેલ છે / ગયેલ છે. અમારી પાસે અમારો કેનેડા / યુ.એસ.એ.મા અભ્યાસી સંસ્થા ખૂબ જ સક્રિયપણે કાર્યરત છે. અમારી સંસ્થાની ટુકા ટીમ અમોને કેનેડા / યુ.એસ.એ.માં તમામ રીતે મદદરૂપ થઈ શકે છે. આ માટે અમો અમારી પાસે મદદની અપેક્ષા રાખીએ છીએ. અમારી પૂરી વિગત નીચે મુજબ છે :

વિદેશ જનારની વિગત :
- નામ : ..... મો.નં. : .....
- અભ્યાસ : ..... જન્મ તારીખ : .....
- મૂળ વતન : ..... રમાજનું નામ : ..... ઈમેલ : .....
- વ્યવસાય/નોકરી - સરનામું : .....

પરિવારની વિગત :
- પિતાનું નામ : ..... મો.નં. .....
- સરનામું .....
- વ્યવસાય/નોકરી : ..... વાર્ષિક આવક : .....

રેફરન્સ : VUF ના હોદ્દેદાર / કાર્યકર અથવા અન્ય કોઈપણ સંસ્થાના હોદ્દેદારની વિગત :
- હોદ્દેદારનું નામ : ..... મો.નં. .....
- સંસ્થાનું નામ : ..... હોદ્દો : .....

યુ.એસ.એ. / કેનેડામાં મદદની વિગત :
- કોલેજ / યુનિવર્સિટીનું નામ : .....
- શહેર : ..... રાજ્ય : ..... દેશ : .....
- વિદેશમાં હાલનું સરનામું .....
- મદદની વિગત : .....

તારીખ : ..... અરજી કરનારનું નામ / સહી : .....

કોઈપણ સમાજની કોઈપણ વ્યક્તિ કેનેડાની કોઈપણ યુનિવર્સિટીમાં અભ્યાસ સાથે જરૂરી હોય કે નોકરી - ધંધા અર્થે સહાય કેજે નવા આવેલ હોય અને જો તેમને કેનેડામાં કોઈપણ પ્રકારની મદદ ની જરૂરિયાત હોય તો તેમણે અમદાવાદ ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.

આપણી - કેનેડાની ટીમે કેનેડાની દરેક યુનિવર્સિટીમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ના બ્રાન્ડ એમ્બેસેડરની નિયુક્તિ કરી દીધેલ છે.

જે તે યુનિવર્સિટીમાં જે કોઈ અભ્યાસ માટે જાય અને તેને જો મદદની જરૂર હોય અને અગાઉથી તેની જાણ સંસ્થાને કરવામાં આવે તો જે તે યુનિવર્સિટીના VUF ના બ્રાન્ડ એમ્બેસેડર તેને એરપોર્ટ થી લાવવા, તેના રહેવાની - જમવાની તમામ વ્યવસ્થા કરી આપવામાં મદદરૂપ થાય છે

આ બાબતની જાણ દરેકે પોતાના સમાજમાં કરવી અને જરૂર પડે વિશ્વ ઉમિયાધામ નો સંપર્ક કરવો,

બંગાળની ખાડીમાં શરૂ થતા પ્રેશરને કારણે આંધ્રપ્રદેશ અને ઓડિશામાં ચક્રવાતી વાવાઝોડું આવવાની શક્યતા છે. જે ચાર ડિસેમ્બર એટલે કે શનિવારની આસપાસ આંધ્રપ્રદેશ-ઓડિશાના દરિયાકિનારે પહોંચવાની શક્યતા છે .

જેના કારણે જે વાવાઝોડું સર્જાશે, જેને "જવાદ" નામ આપવામાં આવ્યું છે .

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, "જવાદ" શનિવાર સુધી આંધ્રપ્રદેશ અને ઓડિશાના દરિયાકિનારાને અથડાશે . હવામાન વિભાગે માહિતી આપતાં જણાવ્યું હતું કે થાઈલેન્ડ અને એની આસપાસના વિસ્તારોમાં બુધવારે સવારે સાડાઆઠ વાગે ઓછું પ્રેશર ઊભું થયું છે . આ પ્રેશર આગામી ૧૨ કલાકમાં આંદામાન સાગર સુધી પહોંચવાની શક્યતા છે .

ત્યાર પછી એ પશ્ચિમ - ઉત્તર - પશ્ચિમ તરફ આગળ વધીને બે ડિસેમ્બર સુધી દક્ષિણ - પૂર્વ અને નજીકની બંગાળની ખાડીના મધ્ય સુધી પહોંચવાની શક્યતા છે . ત્યાર પછી ચાર ડિસેમ્બર શનિવારે સવારે ઉત્તરી આંધ્રપ્રદેશ ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોને અથડાવાની શક્ય છે . જેના પગલે આજે એક ડિસેમ્બર તથા બીજી ડિસેમ્બરે ગુજરાતમાં , ઉત્તરી મધ્ય મહારાષ્ટ્ર અને ઉત્તરી કોંકણમાં ભારે વરસાદ થવાની શક્યતા છે .

આંધ્ર પ્રદેશ-ઓડિશામાં જવાદનું સંકટ

વાવાઝોડું ટકરાવાની શંકા : આગામી ૨૪ કલાકમાં જવાદના મજબૂત થવાના આસાર : હવામાન મુજબ ચક્રવાતી તોફાન જવાદના કારણે પશ્ચિમ બંગાળના પૂર્વ અને પશ્ચિમ મિદનાપુર જિલ્લાઓમાં ૪ ડિસેમ્બરના રોજ ભારે વરસાદ થઈ શકે છે



આજ ફિર જીનેકી તમન્ના હૈ!

કેલીફોર્નિયા યુનિવર્સીટીના સાઈકોલોજી વિભાગના પ્રોફેસર ડો. રચેલ વોએ એક અભ્યાસમાં કહ્યું છે કે- "મોટી ઉમરમાં નવો હુન્નર શીખવાથી, છ જ સપ્તાહમાં તમારું મગજ ત્રણ દાયકા જેટલું યુવાન થઇ જાય છે."

વૈજ્ઞાનિકો કહે છે કે-"યાદદાસ્ત ઓછી થવી, નિર્ણયશક્તિ ધીમી થઇ જવી અને બોલવામાં મુશ્કેલી આવવી તેવી મોટી ઉમરની અલ્ઝેઈમરની બીમારીમાં ફોટોગ્રાફી, સંગીત, પેઇન્ટિંગ કે લખવા જેવા શોખ મગજના પાવરને મજબુત બનાવે છે!જીવંત રહેવા માટે જીવવું જરુરી છે.ઉમંગ સાથે, ઉત્સાહ સાથે, સ્વિકાર સાથે,અને ગમતીલી પ્રવૃતિઓ સાથે તથાગમતીલા વ્યક્તિ સાથે.આ જ મંગળ જીવન! ઉમર અને શોખને કે ઉમર અને ગમતી પ્રવૃતિને કોઇ બંધન હોતુ નથી.

તમારુ જીવન, તમારા શોખ!આપણા દેશમાં, સમાજમાં લોકોને ઉમરને લઈને બહુ વાંધા હોય છે. " આ ઉમરે તેણે આવું બધું કરવાની શું જરૂર છે?" એવું લોકો પૂછ-પૂછ કરે.

આ માનસિકતા બદલવાની જરૂર છે. તમારામાં થનગનાટ હોય, અને મન ખુલ્લું હોય, તો તમે જે ચાહો તે શીખી શકો છો.શોખને ઉમરનુ કોઇ બંધન નહિ હોવું જોઈએ. ઉલ્ટુ ઉમર થાય, તેમ શોખનું મહત્વ વધવુ જોઈએ. શોખ ખર્ચાળ હોય, તેવુ પણ જરૂરી નથી.શોખ હોવો જરુરી છે.

એક ધ્યેય, મક્સદ, પાગલપન જરૂરી છે.મોટી ઉમરે કેવી રીતે જીવાય!? તે વહીદા રહેમાન પાસે શીખવા જેવું છે.'ખ્યાસા,' 'કાગજ કે ફૂલ,' 'સાહેબ, બીબી ઔર ગુલામ,' 'ગાઈડ' અને 'નીલ કમલ' જેવી યાદગાર ફિલ્મોની સ્ટારને તેની સમકાલીન એક્ટ્રેસ આશા પારેખ (૭૪) અને હેલન (૮૧) સાથે ખાસ બહેનપણાં છે.

ત્રણે અવારનવાર રખડવા ઉપાડી જાય.સિનેમા જોવા જાય. ખાવા-પીવા માટે ભેગાં થાય. એકલા હશો તો તુટી જશો.

પેલી લાકડાની ભારી જેવુ. સંયુક્ત હશો તો જલદી નહિ તુટો!Like minded લોકો સાથે જીવવાનો આગ્રહ જરૂરી છે. આ મસ્ત જીવન માટે શારીરિક અને આર્થિક તંદુરસ્તી એ પાયાની શર્ત છે.બાકી ઘડપણ એ દયા નથી, વૈભવ છે!હઇશ્વરે આપેલી ઉમદા તક છે. જે તમે તમારા વ્યસ્ત જીવનમા નહિ કરી શક્યા, ન પામી શક્યા તે બધુ જ ઘડપણમાં મેળવવાની સુવર્ણ તક છે.!

હમણાં થોડા દિવસ પહેલાં ટ્વિંકલ ખન્નાએ વહીદા રહેમાન સાથે એક નાનકડો ઈન્ટરવ્યુ સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો.

એમાં ટ્વિંકલે પૂછ્યું હતું કે-"હવે જીવનમાં શું કરવાનું બાકી છે?" ત્યારે વહીદાએ આંખનું મટકું માર્યા વગર કહ્યું હતું, સ્કૂબા ડાઈવિંગ!!ટ્વિંકલ સ્તબ્ધ થઇ ગઈ!

"૮૧ વર્ષની ઉમરે સ્કુબા ડાઈવિંગ કરવું છે?"

"તો શું થયું?" વહીદાએ વળતો સવાલ કર્યો. "હું તંદુરસ્ત હોઉં, તો હું એ પણ કરી જ શકું."

"તો શું થયું?" તેમાં ઢળતી ઉંમરે કેવી રીતે વ્યસ્ત અને સકારાત્મક જીવાય, તેનો મંત્ર છુપાયેલો છે.

શિક્ષણનો અર્થ જ થાય શીખવું!તમે કોઈની પણ સારપના એકલવ્ય થઈ જ શકો! તમે જ તમારા ગુરુ. તમારુ જીવન જ તમારૂ ગુરુર!

છેલ્લે..મારે મારા અરમાનોને મારી મરવું નથી. કોઇ મને દોરવે, કોઇ મને જીવાડે એમ મારે જીવવું નથી. મારુ જીવન, મારી ઈચ્છપુર્તિ સાથે મસ્ત જાય અને અસ્ત થાય.

બસ એજ પ્રાર્થના, આ જ મારો મોક્ષ!!!

ભાવભીની શ્રધ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તા. ૦૨/૧૨/૨૦૨૧ ગુરૂવાર

સ્વ.લક્ષ્મીબેન ઈશ્વરભાઈ નાનજી ભગત,ઉમર:વર્ષ ૭૯
કચ્છ માં ગામ વિથોણ. હાલેઃ ઉલ્વે, નવી મુંબઈ

સ્વ. માવજીભાઈ હંસરાજભાઈ કાનાણી ઉમર : ૭૬ વર્ષ,

સ્વ. દિનેશભાઈ માવજીભાઈ કાનાણી, ઉમર : ૫૦ વર્ષ,

સ્વ. અનસુયાબેન દિનેશભાઈ કાનાણી, ઉમર : ૪૭ વર્ષ,

સ્વ. ભાવિક દિનેશભાઈ કાનાણી, ઉમર : ૨૩ વર્ષ,

કચ્છમાં ગામ : વિરાણી મોટી (નખત્રાણા)
હાલે : નાંદા, સિંગુર, વેસ્ટ બંગાળ. અવસાન નું કારણ : હત્યા

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના,
શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રધ્ધાંજલિ
ૐ શાંતિ શાંતિ શાંતિ ....